વિકલાંગ વ્યક્તિઓ માટે સરકારી સેવાઓમાં અનામત રાખી શકાય તેવી જગ્યાઓ સુનિશ્ચિત (Identify) કરવા અને તે જગ્યાઓ પર કેવા પ્રકારની વિકલાંગતા ધરાવતા ઉમેદવારોની નિમણૂંક થઇ શકે તે અંગે વિચારણા કરવા અગ્ર સચિવશ્રી(સા.ન્યા.) અધ્યક્ષપદે તા.૨૮/૦૬/૨૦૧૯ના રોજ મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.

---

વિકલાંગ ધારાની કલમ-૩૩ અને ૩૪માં થયેલ જોગવાઇઓ અનુસાર સરકારી સેવાઓમાં જગ્યાઓ અનામત રાખવાની જોગવાઇ થયેલ છે. આ જગ્યાઓ પર નિમણૂંક માટે કેવા પ્રકારની વિકલાંગતા ધરાવતા ઉમેદવારો ચાલી શકે તે નક્કી કરવા માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અગ્ર સચિવશ્રીના અધ્યક્ષપદે પેટા તજજ્ઞ સમિતિની રચના કરવામાં આવેલ છે. નીચે જણાવેલ બાબતોની ચર્ચા વિચારણા માટે પેટા તજજ્ઞ સમિતિની બેઠક તા.૨૮/૦૬/૨૦૧૯ના રોજ ૧૧.૩૦ કલાકે અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અધ્યક્ષપદે આ વિભાગના સમિતિ ખંડમાં મળેલ.

1. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકની એસોસિયેટ પ્રોફેસર/ પ્રોફેસર/ રીડર/ લેક્ચરર વર્ગ-૧ અને ૨ સંવર્ગની કુલ ૧૬ જગ્યાઓ માટે વિકલાંગતા સુનિશ્ચિત કરવા બાબત.
2. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ તરફથી વિભાગ હસ્તકની વિવિધ ૫ (પાંચ) જગ્યાઓ માટે વિકલાંગતા સુનિશ્ચિત કરવા બાબત.
3. મહિલા અને બાળ વિકાસ વિભાગ તરફથી વિભાગ હસ્તકની આંગણવાડી કાર્યકર/તેડાગરની જગ્યા વિકલાંગ (દિવ્યાંગ) વ્યક્તિઓથી ભરવામાંથી મુક્તિ આપવા બાબત.
4. ગૃહ વિભાગ હસ્તકની વિવિધ 3 (ત્રણ) જગ્યાઓને વિકલાંગ (દિવ્યાંગ) વ્યક્તિઓથી ભરવામાંથી મુક્તિ આપવા બાબત.
5. **Locomotor Disability** હેઠળની Congenital **Kyphoscoliosis/Kyphoscoliosis/Scoliosis** અને અન્ય પેટા વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે જગ્યાઓ સુનિશ્ચિત કરવા/અનામત આપવા બાબત.
6. અધ્યક્ષશ્રીની મંજૂરીથી રજૂ થાય તે અન્ય બાબતો.

આ બેઠકમાં નીચેના સભ્યશ્રીઓ/અધિકારીશ્રીઓ હાજર રહેલ.

1. અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
2. વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી.
3. નાયબ સચિવશ્રી(સમાજ સુરક્ષા) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
4. નાયબ સચિવશ્રી(રોસ્ટર) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
5. ઉપ સચિવશ્રી (પશુપાલન પ્રભાગ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
6. ઉપ સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ
7. ઉપ સચિવશ્રી, ગૃહ વિભાગ
8. સેક્શન અધિકારીશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

અગ્ર સચિવશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા)એ સૌને આવકારી બેઠકની શરૂઆત કરી. ત્યારબાદ એજન્ડાના એક પછી એક મુદ્દાઓની વિચારણા હાથ ધરવામાં આવી.

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તરફથી અગાઉ દરખાસ્ત કરેલ ૫૫ જગ્યાઓ પૈકી ગુજરાત જાહેર સેવા આયોગ તરફથી જેની જાહેરાત પ્રસિધ્ધ થયેલ છે તેવી પ્રોફેસર/ એસોસિયેટ પ્રોફેસર/ રીડર/ લેક્ચરર વર્ગ-૧ અને ૨ સંવર્ગની કુલ ૧૬ જગ્યાઓ માટે પ્રસિધ્ધ થયેલ જાહેરાત મુજબ (૧૪ જગ્યાઓ માટે OL તથા ૨ જગ્યાઓ માટે BLA, OL, OA, OAL) વિકલાંગતા નિયત કરવા પેટા તજજ્ઞ સમિતિ સમક્ષ દરખાસ્ત રજુ કરવામાં આવી.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકની એસોસિયેટ પ્રોફેસર/ પ્રોફેસર/ રીડર/ લેક્ચરર વર્ગ-૧ અને ૨ સંવર્ગની કુલ ૧૬ જગ્યાઓ માટે વિકલાંગતા સુનિશ્ચિત કરવાની દરખાસ્તનો પેટા તજજ્ઞ સમિતીએ અસ્વીકાર કર્યો. તા.૨૪/૦૮/૨૦૧૮ના રોજ મળેલ પેટા તજજ્ઞ સમિતીએ અગાઉ નકારેલી વિકલાંગતા પુનઃ સુનિશ્ચિત કરવા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે કરેલ દરખાસ્ત પરત્વે પેટા તજજ્ઞ સમિતીએ સખ્ત નારાજગી વ્યક્ત કરીને **RPWD Act-2016**માં જોગવાઇ કરવામાં આવેલ વિકલાંગતાને ધ્યાને લઇ તમામ સંવર્ગોની કાળજીપૂર્વક વિચારણા કરીને સમિતિ સમક્ષ નિયત પત્રકમાં પુન: દરખાસ્ત કરવા સમિતિએ જણાવ્યું.

(૨) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ તરફથી વિભાગ હસ્તકની સંયુક્ત પશુપાલન નિયામક (વર્ગ-૧), નાયબ પશુપાલન નિયામક (વર્ગ-૧), મદદનીશ પશુપાલન નિયામક (વર્ગ-૨), પશુચિકિત્સા અધિકારી (વર્ગ-૨) તથા પશુધન નિરીક્ષક વર્ગ-૩ માટે RPWD Act-2016 અન્વયે **LV, HH, LD, DF, LC, AC**ની વિકલાંગતા નિયત કરવા પેટા તજજ્ઞ સમિતિ સમક્ષ દરખાસ્ત રજુ કરવામાં આવી.

આ જગ્યાઓની કામગીરી અંગે સમિતિ દ્વારા વિગતવાર ચર્ચા કરીને સંયુક્ત પશુપાલન નિયામક (વર્ગ-૧) અને નાયબ પશુપાલન નિયામક (વર્ગ-૧)ની જગ્યાઓ માટે માનસિક વિકલાંગતા (Mental Disabilities) સિવાયની RPWD Act 2016ની (કલમ-34(i) અને એક્ટના શેડ્યુલ)માં જણાવેલ તમામ વિકલાંગતા ધરાવતા ઉમેદવારોને યોગ્ય ગણવા સમિતિએ ભલામણ કરી.

વહીવટી હિતમાં મદદનીશ પશુપાલન નિયામક (વર્ગ-૨), પશુચિકિત્સા અધિકારી (વર્ગ-૨) તથા પશુધન નિરીક્ષક વર્ગ-૩ની જગ્યાઓની કામગીરી જોતાં **Locomotor Disability** ધરાવતા કેવા પ્રકારના ઉમેદવારોની નિમણૂંક થઇ શકે તે અંગે પુરતી વિચારણા કરીને આ જગ્યાઓ માટે વિભાગના સ્પષ્ટ અભિપ્રાય સાથે સમિતિ સમક્ષ પુન: દરખાસ્ત કરવા સમિતિએ જણાવ્યું.

(3) મહિલા અને બાળ વિકાસ વિભાગ તરફથી વિભાગ હસ્તકની આંગણવાડી કાર્યકર/તેડાગરની જગ્યા વિકલાંગ (દિવ્યાંગ) વ્યક્તિઓથી ભરવાની મુક્તિ આપવા સમિતિ સમક્ષ દરખાસ્ત રજુ કરવામાં આવી. આંગણવાડી કેન્દ્રોના આંગણવાડી કાર્યકર/તેડાગરે બાળકો, સગર્ભા, ધાત્રી માતાઓ અને કિશોરીઓને પૂરક પોષણ, પૂર્વ પ્રાથમિક શિક્ષણ, રસીકરણ, આરોગ્ય તપાસ, આરોગ્ય પોષણ શિક્ષણ જેવી ફરજો બજાવવાની રહેતી હોઇ, વિકલાંગ ઉમેદવારો ફરજો બજાવી શકે તેમ ન હોઇ, વિભાગ તરફથી આંગણવાડી કાર્યકર/તેડાગરની જગ્યા વિકલાંગ (દિવ્યાંગ) વ્યક્તિઓથી ભરવાની મુક્તિ આપવા સમિતિ સમક્ષ વિભાગ દ્વારા રજુઆત કરવામાં આવી.

આ જગ્યાઓની કામગીરી અંગે સમિતિએ વિગતવાર ચર્ચા કરી. વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીએ આ જગ્યા માટે **Dwarfism, Acid Attack Victims, Thalassemia Minor** અને લોકોમોટર ડીસેબીલીટી હેઠળની ઓછી તીવ્રતા ધરાવતી One Leg (up to 60%)

વિકલાંગતાવાળી વ્યક્તિ આંગણવાડી કાર્યકર/તેડાગરની જગ્યાએ ફરજો બજાવી શકે તેવો અભિપ્રાય જણાવેલ. આથી વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીના અભિપ્રાય પરત્વે વિચારણા કરીને આ જગ્યા માટે વિકલાંગતા નક્કી કરવા નિયત પત્રકમાં પુન: દરખાસ્ત કરવા સમિતિએ નિર્ણય કર્યો.

(૪) ગૃહ વિભાગ હસ્તકની ટેકનીકલ પ્રભાગના રેડિયો ઓપરેટર (વર્ગ-૩), રેડિયો ટેકનિશિયન (વર્ગ-૩), અને પોલીસ વાયરલેસ સબ ઇન્સપેક્ટર(વર્ગ-૩)ની જગ્યાઓને વિકલાંગ (દિવ્યાંગ) વ્યક્તિઓથી ભરવાની મુક્તિ આપવા ગૃહ વિભાગ દ્વારા દરખાસ્ત રજુ કરવામાં આવી. આ જગ્યાઓ પર ફરજો બજાવતા કર્મચારીઓએ રાજ્યમાં સંદેશાવ્યવહારની આપ-લે ઉપરાંત જિલ્લામાં વીઆઇપી/ વીવીઆઇપી બંદોબસ્ત, અન્ય બંદોબસ્ત, ચૂંટણી બંદોબસ્ત સમયે પોલીસ વાયરલેસ વખતે ટેકનીકલ ખામી સર્જાતાં ત્વરિત રીપેરીંગ/ મરામત કરવાની રહે છે. ઉપરાંત રાજ્યના નાગરિકોની જવાબદારી માટે શિસ્તબધ્ધ ફરજો બજાવવાની રહેતી હોઇ, વિકલાંગ (દિવ્યાંગ) ઉમેદવારો ફરજો બજાવી શકે તેમ ન હોઇ, આ જગ્યાઓ વિકલાંગ (દિવ્યાંગ) વ્યક્તિઓથી ભરવાની મુક્તિ આપવા સમિતિ સમક્ષ રજુઆત કરી.

આ જગ્યાઓની કામગીરી અંગે સમિતિએ વિગતવાર ચર્ચા કરી. વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીએ આ જગ્યા માટે **Leprosy Cured**, **Dwarfism, Acid Attack Victims**, OL(One Leg)ની વિકલાંગતાવાળી વ્યક્તિઓ ફરજો બજાવી શકે તેવો અભિપ્રાય જણાવેલ. આથી વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીના અભિપ્રાય પરત્વે વિચારણા કરીને આ જગ્યા માટે વિકલાંગતા નક્કી કરવા નિયત પત્રકમાં પુન: દરખાસ્ત કરવા સમિતિએ નિર્ણય કર્યો.

(૫) Locomotor Disability હેઠળની Congenital Kyphoscoliosis/Kyphoscoliosis/Scoliosis અને અન્ય પેટા વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે પણ જગ્યા સુનિશ્ચિત કરવા/અનામત આપવા નીચે જણાવેલ વ્યક્તિઓની રજૂઆત સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા પેટા તજજ્ઞ સમિતિ સમક્ષ દરખાસ્ત રજુ કરવામાં આવી.

| ક્રમ | રજૂઆતકર્તાનું નામ | રજૂઆતની તારીખ |
|---|---|---|
| (૧) | શ્રી માનશંગભાઇ એમ. પરમાર | ૨૮/૦૯/૨૦૧૮ |
| (૨) | શ્રી જીજ્ઞેશ રતીલાલ ચૌધરી | ૧૭/૧૦/૨૦૧૮ |
| (૩) | શ્રી મનુભાઇ એસ.ગાંગુડા | ૧૯/૧૦/૨૦૧૮ |
| (૪) | શ્રી જયકુમાર પ્રવિણભાઇ નાયી | ૨૮/૧૦/૨૦૧૮ |
| (૫) | શ્રી નારણભાઇ વિદેસીંગભાઇ રાઠવા | ૦૫/૧૦/૨૦૧૮ |
| (૬) | શ્રી રઘુવીર દાદુભાઇ મોરી | ૦૪/૧૦/૨૦૧૮ |
| (૭) | શ્રી પ્રહલાદભાઇ જે.પટેલ | ૨૨/૧૧/૨૦૧૮ |

RPWD Act-2016 મુજબ Locomotor Disability ધરાવતી વ્યક્તિને સરકારી જગ્યાઓ/સેવાઓમાં અનામત મળવાપાત્ર છે અને Locomotor Disability સહિત કલમ ૩૪(૧)માં જણાવેલ ૪ (ચાર) મુખ્ય કેટેગરી હેઠળ આવતી તમામ પેટા વિકલાંગતાઓ ધ્યાને લઈને વિકલાંગ વ્યક્તિઓ માટે જગ્યાઓ સુનિશ્ચિત કરવી આવશ્યક છે તેમ સમિતિએ ભારપુર્વક જણાવ્યું. RPWD Act-

2016ની કલમ ૩૪માં જણાવેલ મુખ્ય ચાર પ્રકારની વિકલાંગતાની કેટેગરી હેઠળની પેટા વિકલાંગતા, જે તે પ્રકારની વિકલાંગતાની તીવ્રતા તથા જે તે વિકલાંગતામાં સહાયરૂપ થતાં સાધનો **(Supporting Appliances)**ની વિગતો માટે સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો પરામર્શ કરવા સમિતિએ નિર્ણય કર્યો.

(૬) કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ કે તેમના કોઈ પ્રતિનિધિ આ બેઠકમાં ઉપસ્થિત રહેલ નહીં. આ અંગે સમિતિના અધ્યક્ષશ્રીએ જણાવેલ કે જે તે પ્રકારની જગ્યાઓ માટે વિકલાંગ ઉમેદવારની તબીબી સક્ષમતા માટે તજજ્ઞ તબીબી અભિપ્રાય (Expert Medical Opinion) ખુબ મહત્વનો અને આવશ્યક છે. આથી પેટા તજજ્ઞ સમિતિની બેઠકમાં કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ કે તેમના કોઈ સક્ષમ પ્રતિનિધિ આ બેઠકમાં અચુક ઉપસ્થિત રહે તે અત્યંત જરૂરી છે.

અન્ય કોઇ મુદ્દા પરત્વે ચર્ચા વિચારણા બાકી ન હોઇ, હાજર સૌનો આભાર માની અગ્ર સચિવશ્રીએ બેઠક સમાપ્ત કરી.

( દીપલ હડિયલ )
નાયબ સચિવ અને સભ્ય સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

( શ્રીમતી જે.વી.દેસાઇ )
નાયબ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

( દીનાનાથ પાંડે )
કમિશનર
અશક્તતા આયુક્તની કચેરી

( મનોજ અગ્રવાલ )
અગ્ર સચિવ અને અધ્યક્ષ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ